પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૩ | ૪ જાન્યુઆરી, ૨૦૨૨, મંગળવાર; પોષ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્ર અને ઝારખંડમાં શાળાઓ બંધ

**મુંબઈમાં ધો.૧-૯,૧૧માની શાળાઓ ૩૧મી સુધી બંધ : ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની શાળાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે, બંધ ધોરણોમાં ઓનલાઈન શિક્ષણ અપાશે**




મુંબઈ તા.૩

દુનિયાભરમાં કોવિડ-૧૯ના નવા વેરિયન્ટ ઓમિક્રોનને કારણે કોરોના કેસોની સુનામી જોવા મળી રહી છે. દેશમાં પણ કોરોનાના દૈનિક કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે.

પશ્ચિમ બંગાળના પગલે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં શાળાઓ ૩૧મી જાન્યુઆરી સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

રવિવારે મુંબઈમાં આઠ હજારથી પણ વધારે કોરોનાનાં કેસો નોંધાયા હતા. જે બાદ મુંબઈમાં બીએમસી સંચાલિત ધોરણ ૧થી ૯ અને ૧૧ની શાળાઓ ૩૧ જાન્યુઆરી સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે, ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની શાળાઓ રાબેતામુજબ ચાલુ રહેશે.

રવિવારે મહારાષ્ટ્રમાં કોરોનાના ૧૧ હજારથી પણ વધારે કેસો નોંધાયા હતા. બીએમસીએ જાહેર કરેલ ગાઈડલાઈન અનુસાર ધોરણ ૧૦ અને ૧૨ સિવાયની તમામ શાળાઓ કે જે

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના ૩૩૭૫૦ કેસ

**દેશમાં કોરોના વાયરસના કેસમાં તોતિંગ વધારો : કુલ ૩૪૨૯૫૪૦૭ દર્દીએ અત્યાર સુધીમાં કોરોનાને માત આપવામાં સફળતા મળી**

નવી દિલ્હી,તા.૩

દેશમાં કોરોના વાયરસના કેસમાં તોતિંગ વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા કેસમાં ૨૨.૫ ટકાનો ઉછાળો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૩ હજારથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૧૨૩ લોકોના કોરોનાથી મોત નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૩,૭૫૦ કેસ નોંધાયા છે. જ્યારે તેની સામે ૧૦,૮૪૬ કોરોના દર્દીઓ રિકવર થયા છે. એક દિવસમાં કોરોનાથી ૧૨૩ દર્દીઓના જીવ ગયા છે. હાલ દેશમાં ૧,૪૫,૫૮૨ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે કુલ ૩,૪૨,૯૫,૪૦૭ દર્દીઓએ અત્યાર સુધીમાં કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે. કોરોનાથી મૃત્યુઆંક ૪,૮૧,૮૯૩ પર પહોંચ્યો છે. કોરોનાને માત આપવા પૂરજોશમાં રસીકરણ થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં કોરોના રસીના ૧,૪૫,૬૮,૮૯,૩૦૬ ડોઝ અપાયા છે.



## ડેલ્ટાની સરખામણીએ ઓમિક્રોન ઓછો જોખમી

**અત્યાર સુધીમાં નવા વેરિએન્ટ ઓમિક્રોનથી જેટલા પણ કેસ મળ્યા તેમાંથી કોઈ પણ ગંભીર રીતે બીમાર નહતા**

નવી દિલ્હી તા.૩

કોરોના વાયરસના નવા વેરિએન્ટને લઈને એક રાહતના સમાચાર છે. એક્સપર્ટ્સ કહે છે કે ઓમિક્રોન, ડેલ્ટાની સરખામણીએ ઓછો જોખમી છે. ઓમિક્રોનથી ગભરાવવાની જરૂર નથી. ડોક્ટર્સે એમ પણ જણાવ્યું કે અત્યાર સુધીમાં ઓમિક્રોનથી જેટલા પણ કેસ મળ્યા તેમાંથી કોઈ પણ ગંભીર રીતે બીમારનહતા. જો કે ઓમિક્રોન ઝડપથી ફેલાય છે તે તો મોટાભાગના એક્સપર્ટ્સ માને છે.

સંક્રામક બીમારીઓના સ્પેશિયાલિસ્ટ અને ઓમિક્રોન પીડિતોની સારવાર કરી ચૂકેલા ડોક્ટર સયાન ચક્રવર્તીએ કહ્યું કે અત્યાર સુધીમાં મે જે જોયું છે તેનાથી જાણવા મળ્યું છે કે ઓમિક્રોન, ડેલ્ટા વેરિએન્ટની સરખામણીમાં ઓછો જોખમી છે. બીજી લહેર દરમિયાન આપણે વધુ ગંભીર કેસ જોયા છે. ઓમિક્રોનના આવા કેસ હોવાની સંભાવના ઓછી છે. ફક્ત હું જ નહીં પરંતુ અને વિદેશી રિપોર્ટ પણ આવું જ કહે છે. ઓમિક્રોનના લક્ષણો હળવા છે. ફક્ત હળવો તાવ અને ઉધરસ આવે છે.

ક્રિટિકલ કેર એક્સપર્ટ અને ઓમિક્રોનથી સંક્રમિત અનેક દર્દીઓની સારવાર કરી ચૂકેલા




ડોક્ટર સાસ્વતી સિન્હાએ કહ્યું કે અત્યાર સુધીમાં ઓમિક્રોનના ૪ દર્દીઓની સારવાર કરી છે. તેમાંથી કોઈ પણ ગંભીર રીતે બીમાર નહતા. તેમનામાં હળવા લક્ષણ હતા. વિદેશી રિપોર્ટ્સ પણ આ જ કહે છે. ઓમિક્રોનના લક્ષણો હળવા છે. જો કે તે ઝડપથી ફેલાય છે.

# ચૂંટણી નિર્ધારિત સમયે, વેક્સિનેશનની ગતિ વધારો

**ચૂંટણી પંચે પાંચ રાજ્યોને પત્ર લખ્યો : તૈયારીની આકારણી કરવા ચૂંટણી પંચે પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવાની મુલાકાત લીધી**


નવી દિલ્હી તા.૩

ભારતના ચૂંટણી પંચે ચૂંટણીવાળા ૫ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને કોવિડ-૧૯ વેક્સિનેશનની ગતીને તેજ કરવા માટે કહ્યું છે. ચૂંટણી પંચે મણિપુરમાં પહેલા ડોઝની ઓછી ટકાવારીને લઈ ચિંતા પણ વ્યક્ત કરી હતી. ભારતીય ચૂંટણી પંચે સોમવારે ચૂંટણીવાળા ૫ રાજ્યોને પત્ર લખ્યો હતો.

ચૂંટણીવાળા રાજ્યોની તૈયારીની આકારણી કરવા માટે ચૂંટણી પંચે તાજેતરમાં જ પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવાની મુલાકાત પણ લીધી હતી. જાણવા મળ્યા મુજબ ચૂંટણી પેનલ જાન્યુઆરી ૨૦૨૨માં જ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર, ગોવા અને પંજાબમાં ચૂંટણીઓની તારીખોની જાહેરાત કરી શકે છે. ઉત્તર પ્રદેશ વિધાનસભાનો કાર્યકાળ મે ૨૦૨૨માં સમાપ્ત થઈ રહ્યો છે. જ્યારે અન્ય ૪ રાજ્યોની વિધાનસભાઓની અવધિ માર્ચ ૨૦૨૨માં અલગ અલગ તારીખે સમાપ્ત થઈ રહી છે. કોવિડ-૧૯ના કેસમાં વૃદ્ધિ છતાં ૫ રાજ્યોની ચૂંટણીઓ નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે જ થાય તેવી આશા છે. રાજકીય દળો સંબંધીત રાજ્યમાં આક્રમક રીતે પ્રચાર કરી રહ્યા છે. રેલીઓ અને જનસભાઓમાં કોરોના વાયરસ સંક્રમણ વધવાની આશંકા છતાં ભારે ભીડ જોવા મળી રહી છે.

અનેક સ્વાસ્થ્ય નિષ્ણાંતોએ સરકાર અને ચૂંટણી પંચને વિધાનસભા ચૂંટણી ટાળવા માટે સલાહ આપી છે. ડિસેમ્બર ૨૦૨૧માં મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈસી) સુશીલ ચંદ્રાએ કહ્યું હતું કે, તમામ રાજકીય દળો ઈચ્છે છે કે, રાજ્ય વિધાનસભા ચૂંટણી સમયસર યોજાય. ચંદ્રાએ આશ્વાસન આપ્યું હતું કે, પોલ પેનલ એ સુનિશ્ચિત કરશે કે, ચૂંટણી પ્રચાર દરમિયાન કોવિડ ઉપયુક્ત વ્યવહાર જાળવી રાખવામાં આવે તથા મતદાનની જાહેરાત બાદ મતદાન કરવામાં આવે.

## બોલીવુડમાં કોરોનાનો હાહાકાર



ગાંધીનગર, તા. ૩

કોરોનાની ત્રીજી લહેર ચાલુ થઈ ગઈ છે. મહારાષ્ટ્ર અને ખાસ કરીને મુંબઈમાં દરરોજ સંખ્યાબંધ કેસો નોંધાઈ રહ્યા છે. બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં સંખ્યાબંધ કલાકારો એક પછી એક કોરોના સંક્રમિત થતા હાહાકાર મચી ગયો છે.

બોલીવુડ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ કલાકાર કસબીઓમાં સામેલ એકતાકપુર, નાના પાટેકર, અનીલકપૂર, પ્રેમ ચોપરા અને તેમના પત્નિ કોરોના પોઝીટીવ આવ્યા છે. આ તમામ કલાકારો બોલીવુડ પાર્ટીઓમાં અવારનવાર સામેલ થતા હોઈ અન્ય કલાકાર કસબીઓ પણ કોરોનાથી સંક્રમિત થયા હોય તેવી પુરેપુરી સંભાવનાઓ છે. તેમની સાથે પાર્ટીઓમાં જોડાયેલા કલાકાર કસબીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ ઉપરાંત અભિનેતા જ્હોન અબ્રાહમ અને તેની પત્નીને કોરોના પોઝીટીવ આવ્યા છે. જ્હોને સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, તે અને તેની પત્ની કોરોના વાયરસથી સંક્રમિત થયા છે.

# લખીમપુર હિંસામાં ગૃહ રાજ્ય મંત્રીનો પુત્ર મુખ્ય આરોપી

**લખીમપુર હિંસામાં એસઆઈટીએ ચાર્જશીટ દાખલ કરી : ચાર્જશીટમાં પોલીસે આશીષના સંબંધીને આરોપી બનાવ્યો**

લખનૌ તા.૩

લખીમપુર હિંસા કેસમાં ઉત્તર પ્રદેશ એસઆઈટીએ ચાર્જશીટ દાખલ કરી દીધી છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ૫,૦૦૦ પાનાની ચાર્જશીટમાં એસઆઈટીએ ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશીષ મિશ્રાને મુખ્ય આરોપી બતાવ્યો છે. એટલું જ નહીં, એસઆઈટીના કહેવા પ્રમાણે આશીષ ઘટના સ્થળે જ ઉપસ્થિત હતો.

તેના પહેલા એસઆઈટી લોખંડના બોક્સમાં ૫,૦૦૦ પાનાની ચાર્જશીટ લઈને લખનૌ કોર્ટ પહોંચી હતી. ચાર્જશીટમાં પોલીસે આશીષ મિશ્રાના અન્ય એક સંબંધીને પણ આરોપી બનાવ્યો છે. પોલીસના કહેવા પ્રમાણે વીરેન્દ્ર શુક્લા પર પુરાવા સંતાડવાનો આરોપ લાગ્યો છે. આશીષ મિશ્રાની થાર જીપની પાછળ ચાલી રહેલી ૨ ગાડીઓમાંથી એક વીરેન્દ્રની સ્કોર્પિયો હતી. પહેલા શુક્લાએ પોતાની સ્કોર્પિયો સંતાડીને બીજાની ગાડી બતાવી હતી.

આ કેસના મુખ્ય આરોપી આશીષ મિશ્રા સહિતના તમામ ૧૩ આરોપીઓ જેલમાં બંધ છે. પોલીસે ચાર્જશીટમાં વીરેન્દ્ર શુક્લાનું એક નવું નામ ઉમેર્યું છે. વીરેન્દ્ર પર કલમ ૨૦૧ અંતર્ગત પુરાવા છુપાવવાનું ષડયંત્ર રચવાનો આરોપ છે. વીરેન્દ્ર કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાનો સંબંધી છે.

ગત ૩ ઓક્ટોબરના રોજ લખીમપુરના તિકુનિયા ખાતે થયેલી હિંસામાં ૮ લોકોના મોત થયા હતા. એવો આરોપ છે કે, કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્ર ટેનીના દીકરા આશીષ મિશ્રા ઉર્ફે મોનૂએ પોતાની જીપ નીચે ખેડૂતોને કચડી માર્યા હતા. ત્યાર બાદ રોષે ભરાયેલા ટોળાએ આશીષના ડ્રાઈવર સહિત ૪ લોકોની હત્યા કરી દીધી હતી.

તાજેતરમાં જ આ કેસનો એસઆઈટી રિપોર્ટ સામે આવ્યો હતો.

## દિલ્હીમાં ૧૦ વર્ષ જૂના લાખ વાહનના રજિસ્ટ્રેશન કેન્સલ

**આ વાહનોને ઈલેક્ટ્રિક કિટ લગાવીને ઉપયોગ કરવામાં આવે, અથવા તો અન્ય રાજ્યોમાં વેચી દેવાનો આદેશ**



નવી દિલ્હી તા.૩

દિલ્હી સરકારે મોટુ પગલુ ઉઠાવતા ૧૦ વર્ષ જૂના ૧ લાખ કરતા વધારે વાહનોનુ રજિસ્ટ્રેશન કેન્સલ કરી દીધુ છે. રાજ્ય સરકારોએ આ વાહનોના માલિકોની પાસે માત્ર બે વિકલ્પ છોડ્યા છે. આ વાહનોને ઈલેક્ટ્રિક કિટ લગાવીને ઉપયોગ કરવામાં આવે, અથવા તો નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ લઈને આને અન્ય રાજ્યોમાં વેચી દે.

આ જાણકારી દિલ્હી સરકારના એક અધિકારીએ આપી છે. દિલ્હી ટ્રાન્સપોર્ટ વિભાગના એક અધિકારીએ જણાવ્યુ કે થોડા જ દિવસોમાં ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો માટે પણ આ પગલા ઉઠાવવામાં આવશે. આવા વાહનોની કુલ સંખ્યા ૪૩ લાખ હોવાનુ અનુમાન છે જેમાં ૩૨ લાખ ટુ-વ્હીલર્સ અને ૧૧ લાખ કાર સામેલ છે.

કેટલાક દિવસ પહેલા જ દિલ્હી સરકારે નિર્દેશ આપ્યા હતા

● અનુસંધાન પાન-૭ પર

# એનસીબીના સમીર વાનખેડેને વધુ એક્સટેન્શન ન અપાયું

**શાહરૂખના પુત્રના ડ્રગ્સ કેસને અધિકારી સંભાળતા હતા : વાનખેડેનું એનસીબીમાં ૪ મહિનાનું એક્સટેન્શન ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧એ સમાપ્ત થઈ ગયું જે વધારાયું નથી**

મુંબઈ તા.૩

મુંબઈ એનસીબીના ઝોનલ ડાયરેક્ટર સમીર વાનખેડેને એનસીબીમાં આગળ એક્સટેન્શન નથી મળ્યું. તેમનું વર્તમાન એક્સટેન્શન ૩૧મી ડિસેમ્બરે સમાપ્ત થયું હતું. ઉલ્લેખનીય છે કે, સમીર વાનખેડે આઈઆરએસ ઓફિસર છે જે મુંબઈના ડ્રગ્સ કેસોની તપાસના કારણે ચર્ચામાં આવ્યા હતા. ત્યાર બાદ આર્યન ખાનની ધરપકડને લઈને તેઓ સતત ચર્ચામાં રહ્યા હતા.

ઈજી ઓફિસર સમીર વાનખેડેનું એનસીબીમાં ૪ મહિનાનું એક્સટેન્શન ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સમાપ્ત થઈ ગયું છે. એનસીઆરબીમાં તેમની તૈનાતીને લઈને કેટલાય દિવસોથી એવો ક્યાસ લગાવાઈ રહ્યો હતો કે, તેમને ફરી એક્સટેન્શન મળી શકે છે પરંતુ તેમ ન બન્યું.

મહારાષ્ટ્રના રહેવાસી સમીર વાનખેડે ૨૦૦૮ની બેચના આઈઆરએસ અધિકારી છે. ભારતીય રાજસ્વ સેવા જોઈન કર્યા બાદ તેમનું પહેલું પોસ્ટિંગ મુંબઈના છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડેપ્યુટી કસ્ટમ કમિશનર તરીકે થયું હતું. તેમની કાબેલિયતના કારણે તેમને બાદમાં આંધ્ર પ્રદેશ અને પછી દિલ્હી મોકલવામાં આવ્યા હતા. તેઓ નશા અને ડ્રગ્સ સાથે સંકળાયેલા કેસના નિષ્ણાંત મનાય છે. સમીર વાનખેડેના નેતૃત્વમાં છેલ્લા ૨ વર્ષની અંદર આશરે ૧૭ હજાર કરોડ રૂપિયાના નશા અને ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો.

ત્યાર બાદ સમીર વાનખેડેને ડીઆરઆઈમાંથી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એનસીઆરબીના મુંબઈ યુનિટના પ્રમુખ તરીકે સમીરે બોલિવુડમાં ખળભળાટ મચાવી દીધો હતો. અનેક ફિલ્મી હસ્તિઓને પુછપરછ માટે પોતાની ઓફિસ બોલાવ્યા હતા.

સમીર વાનખેડેએ જ ૨ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ મુંબઈથી ગોવા જઈ રહેલી ક્રૂઝ શિપ પર રેડ કરી હતી. આ દરમિયાન તેમણે કિંગ ખાનના દીકરા આર્યન ખાન સહિત ૯ લોકોની ડ્રગ્સ કેસમાં સામેલ હોવાના આરોપસર ધરપકડ કરી હતી.

## કોર્ડેલિયા ક્રૂઝ જહાજથી ગોવા જનારા ૨૦૦૦ પ્રવાસીઓમાંથી ૬૦ને કોરોના

મુંબઈ તા.૩

નવા વર્ષની ઉજવણી માટે કોર્ડેલિયા ક્રૂઝ જહાજથી ગોવા જનારા મુસાફરની મુશ્કેલી વધી ગઈ છે. ૨૦૦૦ હજાર લોકોને લઈને જઈ રહેલુ આ જહાજ એક ક્રૂ સ્ટાફ કોરોનાથી સંક્રમિત છે. ક્રૂઝ પર રેન્ડમ થયેલા કોવિડ ટેસ્ટિંગમાં પોઝિટીવ કેસ મળવાથી હડકંપ મચી ગયો છે. ક્રૂઝ પર સવાર ૨૦૦૦ થી વધારે મુસાફર અને ક્રૂ ના સમગ્ર સ્ટાફની તપાસ કરવામાં આવી રહી છે. જહાજ પર કોવિડ સંક્રમિત ક્રૂ સદસ્યને આઈસોલેટ કરી દેવાયા છે. અધિકારીઓએ આરટી-પીસીઆર

● અનુસંધાન પાન-૭ પર

